મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૮ ટકા
ગાંધીનગર તાપમાન

# સિવિલના સ્ટોરમાં પાણી ઘુસી જતા હજ્જારોનું નુકશાન

## એમઆરડી અને એમએલસી વિભાગની ફાઈલો તિજોરીમાં મુકી હોવાથી પલળી ગઈ

ગાંધીનગર, તા.૨૯

શહેરમાં છેલ્લા અઠવાડીયાથી વરસી રહેલા વરસાદે વિરામ લીધો છે. શહેરમાં ગુરુવારના રોજ મેઘરાજાએ શહેરને જળબંબાકાર કરી દીધુ હતુ. જેને પગલે હોસ્પિટલના સ્ટોર્સ તેમજ એમઆરડી અને એમએલસી વિભાગ ભોંયરામાં કાર્યરત હોવાથી કેડ સમા પાણી ભરાઈ ગયા હતા. ત્યારે કલાકો ફાઈટર શરુ રાખ્યા બાદ પાણી ભોંયરામાંથી નીકળ્યું હતું. જેથી આ સ્ટોર્સમાં મુકવામાં આવેલી ચીજવસ્તુઓમાંથી ચાર કોમ્પ્યુટર અને ચાર જેટલા પ્રિન્ટરને નુકશાન થયાનું જાણવા મળ્યું છે. જયારે એમઆરડી અને એમએલસી વિભાગની ફાઈલો તિજોરીમાં મુકી હોવાથી પલળી ગઈ છે.

શહેરમાં વરસી રહેલા વરસાદે ગુરુવારના રોજ શહેરને પણ ઘમરોળી દીધુ હતુ. નગરમાં ૧૦ ઈંચ જેટલા વરસેલા વરસાદમાં નગરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ જવા પામી હતી. શહેરના માર્ગો તેમજ રહેણાંક વિસ્તારમાં નીચેના ઘરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. તેવી સ્થિતિમાં શહેરની હોસ્પિટલની હાલત પણ કફોડી બની ગઈ હતી. વોર્ડમાં તો દર્દીઓના માથે સામાન્ય દિવસોમાં પણ પાણી પડવાના કિસ્સા સાંભળવા મળે છે. ત્યારે વરસાદી સિઝનમાં તો દર્દીઓની હાલત કફોડી બની ગઈ હતી. પરંતુ અચાનક વરસી પડેલા વરસાદને પગલે હોસ્પિટલનું તંત્ર ઉંઘતુ ઝડપાઈ ગયું હતું. ભોંયરામાં રાખેલ અતિ મહત્વના વિભાગ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. દરેક દર્દીના જુના કેસ સંગ્રહ કરવામાં આવે છે. તે એમએલસી અને એમઆરડી વિભાગ ભોંયરામાં કાર્યરત હોવાથી આ સ્થિતિ ઉભી થવા પામી હતી. જેને પગલે સૌ કોઈ ચિંતામા ગરકાવ થઈ ગયા હતા.પરંતુ ફાઈલો તિજોરીમાં હોવાથી નુકશાન ઓછુ થવા પામ્યું છે. તો કેટલીક ફાઈલો માત્ર પલળી ગઈ છે. જયારે કેડ સમા પાણીમાં સ્ટોર્સ ગરકાવ થતા અંદર રહેલી ચીજવસ્તુઓને નુકશાન થવા પામ્યું છે. તો બીજીતરફ ચાર કોમ્પ્યુટર અને ચાર પ્રિન્ટરને પણ નુકશાન થતા નુકશાનીનો આંક હજ્જારો રૂપીયામાં જાય છે. ત્યારે વરસાદની સિઝનને ધ્યાને લઈ અતિ મહત્વના વિભાગ ભોંયરામાંથી ખસેડી લેવામાં આવ્યા હોત તો તંત્રને નુકશાની વેઠવાનો વારો આવ્યો ન હોત તેવું સિવિલ કેમ્પસમાં અંદરો અંદર ચર્ચાઈ રહ્યું છે.

# નવીનચંદ્ર શાહની હત્યાની તપાસ એલસીબીને સોંપાઈ

ગાંધીનગર, તા.૨૯

નવનીત ગાલા પબ્લીકેશનના ડાયરેક્ટર નવીનચંદ્ર શાહના અપહરણ બાદ હત્યાના ચકચારી મામલાની સમગ્ર તપાસ ગાંધીનગર એલસીબીને સોંપવામાં આવી છે. ગાંધીનગર કોર્ટમાં આરોપીઓને રજુ કરવામાં આવતા કોર્ટે પોલીસને પુરાવાઓ એકત્રીત કરવા તથા અન્ય સહ આરોપીઓ સુધી પહોંચવા અને ખુટતી કડીઓ મેળવવા માટે તપાસ કરવા આરોપીઓના ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. જેને આધારે એલસીબીની ટીમે બારીકાઈથી તપાસ શરુ કરી છે.

નવીનચંદ્ર શાહને બોગસ સીમકાર્ડથી ફોન કરી વૈષ્ણોદેવી સામે ગોરબંધ હોટલ પાસે બોલાવી એક સફારી ગાડીમાં અપહરણ કરી લેવાયું હતું. ચાલુ ગાડીએ મારામારી કરવામાં આવતા નવીન શાહનું મૃત્યુ થઈ ગયું હતું. આ ઘટના અંગે બારીકાઈથી ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે તપાસ હાથ ધરી છે. પકડાયેલા બેહત્યારા જીગ્નેશ ભાવસાર અને રમેશ પટેલને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. હત્યારાઓએ એક મોબાઈલ અને એક સીમ કાર્ડ ખરીદ્યું હતું. આ બંને ચીજવસ્તુ રીકવર કરવા ઉપરાંત નવીનચંદ્ર શાહનો ગુમ મોબાઈલ પણ રીકવર કરવા પુછપરછ ચાલી રહી છે. હત્યારાઓ સફારી ગાડી કોની છે અને ક્યાંથી લાવ્યા હતા તે વિગતો આપતા નથી તેની તપાસ પણ શરુ કરવામાં આવી છે. હત્યામાં કોઈ હથિયાર વપરાયું હતું? નવીનચંદ્ર શાહે પહેરેલા સોના ચાંદીના અલંકારો ક્યાં ગયા? આરોપીઓએ પોતાની ઓળખ છુપાવવા કોની કોની મદદ લીધી? અન્ય સહ આરોપીઓ કોણ કોણ છે? અને તેઓ હાલ ક્યાંછે? તે સહીતની ઝીણવટભરી તપાસ શરુ કરવામાં આવી છે.

**બંને આરોપીઓના કોર્ટે ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા : અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની તપાસ થશે**

## પ્રગતિ લારી-ગલ્લા-પાથરણાં મંડળનું સેવાકાર્ય

બનાસકાંઠામાં મેઘરાજાએ ખમૈયા તો કર્યા પરંતુ હજુ પૂરના નીર ઓસર્યા નથી. પૂરથી સર્જાયેલી તારાજીમાં અસરગ્રસ્તો હાલ માત્રને માત્ર રાહત કાર્યો દ્વારા આવતી સામગ્રી પર નિર્ભર છે. આ સંજોગોમાં ગાંધીનગરના તમામ વર્ગના નાગરિકો સેવા કાર્યમાં યોગદાન આપી રહ્યા છે. શહેરના મીનાબજારમાં લારી-ગલ્લા-પાથરણા દ્વારા નાનો વેપાર કરતા શ્રમજીવી વેપારીઓએ પણ 'ફુલ નહીં તો ફુલની પાંખડી'ના ન્યાયે મદદ કાર્યમા જોડાઈ પ્રસંશનીય સેવા આપી હતી. મીના બજારના પ્રગતિ લારી-ગલ્લા-પાથરણાં મંડળ દ્વારા તૈયાર કરાયેલ પૂર પીડિતો માટેની રાહત સામગ્રીને તુલસીભાઈ માલી, રમેશભાઈ ઠાકર, કનુભાઈ વાલેરા સહિતના સભ્યોએ બનાસકાંઠા ખાતે મોકલવા તજવીજ કરી હતી.

ભારે વરસાદના પગલે શ્રમિકો દયનીય સ્થિતિમાં મુકાયા છે ત્યારે તેમની મદદ માટે પૂજન ફાઉન્ડેશન દ્વારા સે-૧, ૮, ૩, ૭, ૬માં રહેતા શ્રમિક પરિવારો વરસાદના કારણે ચૂલો ન સળગાવી શકે તેથી દાળ, ચોખા, ફુટ, પુરી, ચવાણું, બિસ્કીટ જેવી ખાદ્ય ચીજોની કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રજ્ઞા ગજ્જર, શ્વેતા કોઠારી, નિલીમા શાહ, જીયા ગજ્જર, રૂપેશ ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા.

## એબીવીપીના અભ્યાસ વર્ગનું આજે સમાપન

ગાંધીનગર, તા.૨૯

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ગાંધીનગર જિલ્લા એકમના અભ્યાસ વર્ગ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. અભ્યાસ વર્ગના સમાપન પ્રસંગે તા. ૩૦મી જુલાઈ રવિવારના રોજ સાંજે ૫ કલાકે સે-૧૨માં બલરામ ભવન સ્થિત કિસાન સંઘના કાર્યાલય ખાતે જિલ્લા ઘોષણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાજયકક્ષાના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

# નાંદોલના ખેતરની સીમમાં પિતાએ બે બાળકો સાથે ઝેરી દવા ગટગટાવી

ગાંધીનગર, તા.૨૯

દહેગામ તાલુકાના નાંદોલ ગામે આજે ખેતરની સીમમાં એક ૪૦ વર્ષીય આધેડ વ્યકિતએ તેના બે સંતાનો સાથે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી હતી. આ ઘટનામાં બંને બાળકોના કરૂણ મોત નિપજયા છે જયારે પિતા હાલ બેભાન અવસ્થામાં છે તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અપાઈ રહી છે.

નાંદોલ ગામના દિનેશભાઈ લક્ષ્મણભાઈ નાયક ઉ.વ. ૪૦ એ બપોરના સમયે રાકેશભાઈ પટેલના બોર ઉપર પોતાના બંને સંતાનો દિકરો વિશાલ જેની ઉ.વ. ૭ વર્ષ અને દિકરી આશાબેન જેની ઉ.વ. ૪ વર્ષને સાથે લઈ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી હતી. બપોરના આશરે ૨.૩૦ કલાકે દહેગામ પોલિસ સ્ટેશને બનાવની જાણ થતા એએસઆઈ પી.જે. સોલંકી ટીમ સાથે ઘટના સ્થળે ધસી ગયા હતા. જયાં તમામની હાલત ગંભીર જણાતા ત્રણેયને સારવાર અર્થે તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે વિશાલ અને આશાબેનને મૃત જાહેર કર્યા હતા જયારે દિનેશભાઈની હાલત ગંભીર હોવાથી તેમને સઘન સારવાર અપાઈ રહી છે. સમગ્ર ઘટનામાં આત્મહત્યાનો પ્રયાસ છે કે અન્ય કોઈ બાબત તે અંગે પીએસઆઈ પી.જે. સોલંકીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં અલંકારના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સાવન ભાદોના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ રૂદ્રપ્રસાદ ઓઝા પ્લોટ નં. ૧૮૦/૧, સે-૬-બી ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના જયંતિભાઈ જાની, ૨૫, વિરાટનગર ખાતે યોજાશે.

● શ્રી રામધાવ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે વિવિધ ફુટના કલાત્મક હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ કીરીટભાઈ એમ. ત્રિવેદી, પ્લોટ નં. ૬૨૨/૨, કિસાનગર ખાતે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન આશુતોષની આરાધના અર્ચના અર્થે લઘુ રૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે રાજેન્દ્રભાઈ મહેતા, ચંદ્રમૌલી પ્લોટ નં. ૫૦૭/૨, સે-૩-સી ખાતે યોજાશે.

● શ્રી બુટભવાની ગરબા મંડળ સે-૪ દ્વારા આનંદનો ગરબો વિનયકુમાર કે. ગજ્જર સે-૧૩-સી પ્લોટ નં. ૧૦૪૧/૧ ખાતે બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર શહેરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સે-૧, ૨, ૩ ન્યુ, ૪ તથા ઈન્ફોસીટી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલનો યોગ્ય વિકલ્પ ના હોવાને કારણે રોડ રસ્તા પર પાણીનો ભરાવો થઈ રહ્યો છે. આ પાણીના ભરાવાનો નિકાલ ડ્રેનેજ લાઈનમાં થાય તેવી વ્યવસ્થા ઉભી કરવા આ વિસ્તારના રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

● શહેરના વોર્ડ નં. ૭માં પણ સે-૫ અને ૬માં સ્થાનિક કોર્પોરેટરના પ્રયાસો થકી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો છે.

● ગાંધીનગરના સર્જન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બનાસકાંઠાના પૂર પિડિતોના પરિવારોના નાના બાળકોને કપડા વિતરણ કરવાનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરના સેવાભાવી નાગરિકોને તેમના ૧ થી ૧૦ વર્ષના બાળકોના જુના પરંતુ પહેરી શકાય તેવા કપડા દાન કરવા હોય તો તેને સે-૧૨-બીમાં પ્લોટ નં. ૪૬૮/૨ ખાતે રવિવાર સાંજ સુધીમાં પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ઉર્વી મેહુલકુમાર પટેલ, ઉ.વ. ૨૫
- સ્વ. અમરતભાઈ ધૂળાભાઈ દરજી, ઉ.વ. ૬૦
- સ્વ. અરવિંદભાઈ છગનલાલ મોદી, ઉ.વ. ૭૪
- સ્વ. પ્રિયંકાબેન ભટુભાઈ રાણા, ઉ.વ. ૧૫
- સ્વ. કોમલબેન સુરેશસિંહ ચૌહાણ, ઉ.વ. ૨૧
- સ્વ. રણીબેન મેઘાભાઈ જાદવ, ઉ.વ. ૭૦
- સ્વ. ત્રિમૂર્તિ ચિનૈયા રેડ્ડી, ઉ.વ. ૪૯
- સ્વ. ભાનુબેન છત્રસિંહ બિહોલા, ઉ.વ. ૫૯

## આઈ લવ માય ગાંધીનગર

**લક્ષ્મી જોષી**

**ગાંધીનગર ગમે**

સુંદર શહેર હોવા ઉપરાંત શિક્ષિત, સંસ્કારી, સ્નેહાળ લોકો અહીં વસતા હોવાથી ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

કલા, સંસ્કૃતિપ્રેમી, સ્નેહાળ અને પરગજુ નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, કિપ સ્માઈલિંગ ગ્રૂપ, આર્ષ, ગ્રો ફાઉન્ડેશન ઉપરાંત જી ઈ ક્લબ દ્વારા કરવામાં આવતી કલા, સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવા વર્ગ અને મહિલા વર્ગને નગર ઉપયોગી કાર્યોમાં જોડવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

સેવાનાં કાર્યો માટે મારી સઘળા પ્રકારની સહાય નગરને પૂરી પાડવા હું તૈયાર છું.

# સરઢવ નજીક બોરકુવા પાસે શ્રાવણીયો જુગાર રમતા છ પકડાયા

## રૂ.૧૬ હજારના મુદ્દામાલ સાથે છ શકુનીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક સરઢવથી આદરજ જતા માર્ગ પર એક બોરકુવાની ઓરડી પાસે ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પેથાપુર પોલીસને મળતા સવારે પોલીસની ટીમે દરોડો પાડી છ શકુનીઓને જુગાર રમતા પકડી પાડયા હતા. રૂ. ૧૬ હજારના મુદ્દામાલ સાથે છની ધરપકડ કરી લઈ પેથાપુર પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલિસ મથકની એક ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે પોલિસને સવારે બાતમી મળી હતી કે સરઢવ-આદરજ રોડ પર આવેલા દિનેશ મંગળભાઈ પટેલના બોરકુવા પર ઓરડીની પાસે ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીને આધારે પેથાપુર પીએસઆઈની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને દરોડો પાડી ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા છ શકુનીઓને પકડી પાડયા હતા. સરઢવ ગામના બજાર ચોકમાં રહેતા જીજ્ઞેશ જયંતિભાઈ પટેલ, અંબાજી માતાના વાસમાં રહેતા બળદેવ ગોરધનભાઈ પટેલ, રખેવાળ શેરીમાં રહેતા ડાહ્યા ઈશ્વરભાઈ પટેલ, નાગરવાસમાં રહેતા મુકેશ કાંતિભાઈ પટેલ અને દાવોડ વાસમાં રહેતા દિનેશ મંગળદાસ પટેલ ઉપરાંત સોનીપુર ગામના પ્રજાપતિ વાસમાં રહેતા વિનુ મણીલાલ પ્રજાપતિ મળી છ શખ્સોની પથાપુર પોલિસે ધરપકડ કરી લીધી છે. પકડાયેલા શકુનીઓ પાસેથી પાંચ મોબાઈલો અને રોકડ રૂ. ૧૬,૩૪૫ મળી કુલ રૂ. ૧૮,૮૪૫નો મુદ્દામાલ પોલિસે જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી. ફાર્મસી ઈન્સ્ટિટયુટ ખાતે ફાર્માસિસ્ટ માટે આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૧૫ ફાર્માસિસ્ટની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. જેમાં તેમના વજન, ઉંચાઈ, બીએમઆઈ, આંખોની તપાસ, બ્લડ પ્રેશર વગેરેની તપાસ હાથ ધરાઈ હતી.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની જુલાઈ માસની સભા તા. ૩૧ જુલાઈને સોમવારે સાંજે ૫.૦૦ વાગે શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સે-૭સી ખાતે યોજાશે. આ સભામાં કાઉન્સિલ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવશે. જેથી સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા કાઉન્સિલના મંત્રીશ્રીએ જણાવ્યું છે.

## સે-૨૪ શાકમાર્કેટના શૌચાલય કાર્યરત કરાયા

સેકટર-૨૪ના શાકમાર્કેટના પે એન્ડ યુઝ ટોયલેટ બંધ હાલત અંગેના સમાચાર ગાંધીનગર સમાચારમાંપ્રસિધ્ધ થયેલ હતા જેના અનુસંધાને ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે સત્તાવાળાઓ પાસે સ્પષ્ટતા સહ ખુલાસો માંગેલ હતો. જેના અનુસંધાને ગાંધીનગર મહાનગર પાલિકાએ શૌચાલય તાત્કાલિક ક્ષતિ દુરસ્ત કરાવીને કાર્યરત કરેલ છે.

# મધુર ડેરીના કર્મચારીઓ દ્વારા પુરગ્રસ્તો માટે સહાય

## ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટરો દ્વારા પુરગ્રસ્ત રાહતનિધિમાં રૂ. ૯ હજારની સહાય

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (મધુર ડેરી) દ્વારા આજ રોજ બનાસકાંઠા-પાટણના પુર પ્રભાવિત થયેલા લોકો માટે સૂકા નાસ્તાના ફૂડ પેકેટ અને કપડા મોકલવામાં આવ્યા છે. આ કિટસ ગાંધીનગર કલેકટર સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈના હસ્તે સ્વીકારવામાં આવી હતી. તે ઉપરાંત મધુર ડેરીના ડિરેકટરશ્રીઓ દ્વારા રૂપિયા ૯ હજારનું ફંડ પુરગ્રસ્ત રાહત નિધિમાં અર્પણ કર્યું હતું.

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અનાધાર વરસાદના કારણે મોટી સંખ્યામાં લોકો ઘર વિહોણા બન્યા છે. આવા સંજોગામાં તેમને સહકાર આપવાના ઉમદા આશયથી અનેક સેવાભાવી સંસ્થાઓ આગળ આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લાની મધુર ડેરી દ્વારા આ અગાઉ ૧૦ હજાર સુખડીના અને ૧૦ હજાર નમકીનના પેકેટ પુરગ્રસ્તો માટે વહીવટી તંત્રને અર્પણ કર્યા હતા.

આજે મધુર ડેરીના ૫૫૦ જેટલા કર્મચારીઓ દ્વારા કપડા, અનાજ, ખારેક અને બિસ્કીટ પુરગ્રસ્તો માટે એકઠા કરવામાં આવ્યા હતા. મધુર ડેરીના કર્મચારીઓની આ ભાવનાને આવકારી તેમની આ મદદને જિલ્લા કલેકટર સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઈએ મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણાના હસ્તે સ્વીકાર કર્યો હતો. તે ઉપરાંત મધુર ડેરીના ડિરેકટરોએ પોતાનું એક દિવસનું સીટીંગ એલાઉન્સ રૂપિયા ૯ હજાર પણ પુરગ્રસ્ત રાહતનિધિ માટે કલેકટર શ્રી સતીશ પટેલને અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે મેનેજીંગ ડિરેકટર શ્રી રોહિત મહેતા, ડેરીના બોર્ડ ઓફ ડિરેકટરો સહિત ડેરીના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.